# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૦/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં રેરાના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી ચર્ચાસભામાં રેરા અંતર્ગત ન્યુ ફોર્મ–૩ માટે મહત્વનું માર્ગદર્શન અપાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૨૦ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'રેરા અંતર્ગત ન્યુ ફોર્મ–૩ માટે રેરાના પ્રતિનિધિઓ સાથે' ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સી.સી.એમ. અમદાવાદના સીએ અનિકેત તલાટી અને સ્પેશિયલ ઇન્વાઇટી તરીકે ગુજરેરાના ફાયનાન્સ કમ્પ્ટ્રોલર શ્રી ઘનશ્યામ પાઠકે રેરા કાયદા વિશે અને રેરા અંતર્ગત ન્યુ ફોર્મ ૩ માં કરવામાં આવેલા મહત્વના બદલાવો અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશની ફાસ્ટેસ્ટ ગ્રોઇંગ સિટીમાં રિયલ એસ્ટેટનો મહત્વનો ફાળો રહયો છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ હવે ટ્રાન્સપરન્સી માટે ઘણા બદલાવ આવી રહયાં છે. જેના અવેરનેસ માટે આજે આપણે એકત્રિત કરી થયા છે.

સીએ અનિકેત તલાટીએ રેરા અંતર્ગત ન્યુ ફોર્મ ૩ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, જુલાઇ ૨૦૧૭માં જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારે રેરાનો નવો કાયદો પણ આવ્યો. રિયલ એસ્ટેટ ફોર્મલાઇઝ્ડ થયુ છે. જે યુનિટ હોલ્ડરો કાયદેસર અને સમયસર કામ કરવા માગે છે તેઓને જરૂરી પ્રક્રિયાઓ માટે ઓથોરીટી પાસે જવાની જરૂર નથી. નાનામાં રજિસ્ટર્ડ યુનિટ હોલ્ડરો રેરા પાસે જઇને તેઓની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ફોર્મ ૩માં મહત્વના બદલાવ કરવામાં આવ્યા છે. જેમાં લોન અમાઉન્ટ, રિડેવલપમેન્ટ અને યુનિટ હોલ્ડરની કેવાયસી વિગતો વિશે તેમણે સમજણ આપી હતી.

ગુજરેરાના ફાયનાન્સ કમ્પ્ટ્રોલર શ્રી ઘનશ્યામ પાઠકે જણાવ્યુ હતુ કે, રેરા ડેવલપરની જરૂરિયાતોને નીતિ ઘડતરની પ્રક્રિયામાં ઓથોરીટી સમક્ષ મુકે છે. ગુજરાત રેરાની ઓફિસમાં જરૂરી માહિતીની જાળવણી થાય છે અને તેનો સદુપયોગ કરવામાં આવે છે. સુરત, નવસારી, વાપી અને વલસાડના ડેવલપરોને, એન્જીનિયરોને અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને ગાંધીનગર સુધી લંબાવવું નહીં પડશે. કેન્દ્ર અને રાજય સરકારની પોલિસીની સાથે કમ્પ્લાયન્સના કામ કરી શકીએ તેના માટે પ્રયત્નશીલ છીએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રેરાનો કાયદો કન્ઝયુમરની સાથે સાથે બિલ્ડરને પણ ફાયદાકારક સાબિત થાય છે. જો કન્ઝયુમર ડિફોલ્ટર થાય તો બિલ્ડર તેની સામે કાયદાકીય કાર્યવાહી કરી શકે છે.

ચર્ચાસભામાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ, રિયલ એસ્ટેટ કમિટીના કો–ચેરમેન શ્રી જિગ્નેશ અમીન, ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કો–ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠ, સુરત સીએ બ્રાન્ચના ચેરમેન સીએ મિહીર ઠક્કર, સીએ બાલકિશન અગ્રવાલ અને સીએ જય છૈરાએ પ્રાસંગિક વિધી કરી હતી.

ચર્ચાસભામાં ડેવલપરો, આર્કિટેકચરો, એન્જીનિયરો અને ચાર્ટર્ડ એકાઉન્ટ્સના સવાલોના નિષ્ણાંત વકતાઓએ સંતોષકારક જવાબ આપ્યા હતા. ચર્ચાસભાના અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સભાનું સમાપન કરવામાં આવ્યુ હતુ.